# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2558 ❖ અષાઢ પૂર્ણિમા ❖ 2 જુલાઈ 2015 ❖ વર્ષ – 16 ❖ અંક – 4 ❖ સળંગ અંક - 184

## ધમ્મવાણી

यदा हवे पातुभवन्ति धम्मा, आतापिनो झायतो ब्राह्मणस्स।
अथस्स कङ्खा वपयन्ति सब्बा, यतो पजानाति सहेतुधम्मं।।
अथस्स कङ्खा वपयन्ति सब्बा, यतो खयं पच्चयानं अवेदी।
विधूपयं तिट्ठति मारसेनं, सरियोव ओभासयमन्तलिक्खं।।

જ્યારે કોઈ બ્રાહ્મણ–તપસ્વીને ધ્યાન કરતાં કરતાં (બોધિપક્ષીય) ધર્મ પ્રગટ થાય છે. ત્યારે તેની બધી શંકાઓ દૂર થઈ જાયમાં પ્રતિષ્ઠિત થાય છે.

## વિપશ્યનાની સાધના કોઈ સંપ્રદાયને અનુસરતી નથી : સત્યનારાયણ ગોયન્કા

મનુષ્યજીવન અનેક વિટંબણાઓથી ભરેલું છે. સુખ-દુઃખની ઘટમાળમાં ગૂંચવાયેલ માનવી ક્રોધ, કામ, લોભ, મોહ અને અહંકાર જેવા વિકારોથી ઘેરાયેલો જ રહે છે. મનની નિર્બળતા વિકારોને વેગ આપે છે, જીવન તનાવમુક્ત અને અશાંત બનાવે છે. તેમ જ શરીર રોગગ્રસ્ત બનાવે છે. દવાઓનો સહારો ક્ષણિક ભ્રમ બની રહે છે.

રોગમુક્ત, ચિંતામુક્ત અને શાંતિભર્યુ જીવન જીવવા માટે મનના વિકારોથી મુક્તિ મેળવવી જરૂરી છે અને વિકારોથી મુક્તિ મેળવવા મનની નિર્બળતા દૂર કરી, મનને મજબૂત કરવા કાબૂ મેળવવો જરૂરી છે. મન પર કાબૂ મેળવવા, મનને વિકારોથી મુક્ત કરવા અને મનને નિર્મળ બનાવવા માટેનો સર્વશ્રેષ્ઠ અને સરળ ઉપાય છે, વિપશ્યના સાધના. જે ફક્ત જન્મથી મરણ સુધીના સુખશાંતિ માટે જ નહિ, પરંતુ જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મેળવવા માટેનો સર્વજનીન અને બિનસાંપ્રદાયિક માર્ગ છે.

આ એક બહુ જ જૂની ધ્યાન પદ્ધતિ કે જેનું વર્ણન ઋગ્વેદમાં પણ મળે છે, તે વિપશ્યના સાધના મનને એકાગ્ર કરી સ્વનિરીક્ષણ દ્વારા મનને નિર્મળ કરવાની તદ્દન સરળ, વ્યવહારુ અને વૈજ્ઞાનિક પદ્ધતિ છે, જે માનવીને પોતાના રોજબરોજના જીવનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો તથા તનાવને શાંત અને સમતાભર્યા ચિત્તથી હલ કરવાની શક્તિ પ્રદાન કરે છે. સ્વનિરીક્ષણ દ્વારા સ્વના ઉત્કર્ષ માટેનો આ માર્ગ બીજી બધી સાધના પદ્ધતિઓ કરતા તેની સાદગી તથા અંધશ્રદ્ધાથી પર હોવાને કારણે અતિ ઉત્તમ છે.

આશરે ૨૬૦૦ વર્ષ પૂર્વ ભગવાન ગૌતમ બુદ્ધે વિકસાવેલી આ સાધના ધીરે ધીરે ભારતમાંથી અને ત્યારબાદ બીજા દેશોમાંથી લુપ્ત થઈ ગઈ હોવા છતાં ભારતના પાડોશી દેશ બ્રહ્મદેશમાં તે જેમ હતી તે જ રૂપે તેનું કાળજીપૂર્વક જતન અને રક્ષણ થયું હોઈ ત્યાંના વિપશ્યનાના ગુરુ શ્રી સયાજી ઉ બા ખિનના શિષ્ય શ્રી સત્યનારાયણ ગોયન્કાજીએ ભારત તથા ત્યાર બાદ બીજા દેશોમાં વિપશ્યના સાધનાનો પ્રચાર તથા પ્રસાર કરવાના કામમાં પોતાનું જીવન સમર્પિત કર્યું.

શ્રી સત્યનારાયણ ગોયન્કાજીનો જન્મ ૧૯૨૪ માં મ્યંમા (બર્મા) માં થયો હતો, પ્રસ્તુત છે તેમની સાથેની ફીલિંગ્સની મુલાકાતના થોડા અંશો.....

***પ્રશ્ન : વિપશ્યના સાધના સાથે આપ કેટલા વર્ષોથી સંકળાયેલા છો ? અને વિપશ્યના સાધનામાં જોડાવાનું કારણ શું ?***

***જવાબ : લગભગ ૫૦ વર્ષથી. ફક્ત ૧૬-૧૭ વર્ષની ઉંમરમાં મેં મારા ઘરના બિઝનેસનું કામ સંભાળી લીધું હતું. મોટા બિઝનેસને કારણે દેશ-વિદેશ જવાનું થતું***

***હતું***, વધારે પડતા કામ અને તેના ટેન્શનને કારણે માથાનો ખૂબ તેજ દુઃખાવો એટલે કે માઈગ્રેનથી પીડાતો હતો. દર પંદર દિવસે તેનો હુમલો આવતો હતો. કોઈ પેઈન કિલર કામ નહોતી કરતી એટલે ડોક્ટર મોર્ફિયા ઈન્જેકશન આપતા હતા. તેમણે કહ્યું કે વિદેશ જઈને સારવાર કરાવો, નહીંતર તમને મોર્ફિયાની આદત પડી જશે. દર્દ તો નહિ જાય, ઉપરથી બીજી મુસીબત આવશે, માટે દેશ-વિદેશના નામાંકિત ડોક્ટરોની મુલાકાત અને સારવાર કરવા છતાં બેમાંથી કોઈમાં ફરક ના પડ્યો, ના દર્દ દૂર થયું, ના મોર્ફિયાના ઈન્જેકશન બંધ થયા. ત્યારે એ વખતે ત્યાંના (બર્માના) એટર્ની જનરલ જે મારા અંગત મિત્ર હતા, તેમણે મને વિપશ્યના શિબિર કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે તારો રોગ વધુ પડતા ટેન્શનને કારણે છે.

બહુ નાની ઉંમરમાં સાંસારિક ક્ષેત્રે મેળવેલી સફળતાને કારણે અહંકાર, ક્રોધ જેવા વિકારો મન પર સવાર થઈ ગયા છે. બધું મનગમતું જ થવું જોઈએ, મનગમતું ન થાય તો ક્રોધ આવે; અહંકાર આવે, જેના કારણે વધારે પડતા માનસિક તણાવને લીધે માઈગ્રેનનો રોગ લાગુ પડ્યો છે, જે વિપશ્યના સાધના શિબિર કરવાથી દૂર થઈ જશે એમ જાણવા છતાં ખૂબ કટ્ટર હિંદુ સનાતન ધાર્મિક ઘરમાં જન્મીને મોટો થયો હોવાથી નાનપણથી એવું સાંભળ્યું હતું કે ભગવાન બુદ્ધ તો આપણા ભગવાન વિષ્ણુના જ અવતાર છે, પરંતુ એમણે આપેલી

શિક્ષા આપણા કામની નથી. આ વાતથી વધુ પ્રભાવિત હોવાને કારણે મારા મિત્રની સલાહ હોવા છતાં વિપશ્યનામાં જવા માટે મારું મન ન માન્યું, ત્યારે મારા મિત્રે કહ્યું કે તું વિપશ્યનાના ગુરુજીની મુલાકાત તો લે, ભલે શિબિરમાં ન જઈશ, સમજવાનું અને જાણવાનું મળશે કે વિપશ્યના ખરેખર શું છે ?

વિપશ્યનાના ગુરુ શ્રી સયાજી ઉ બા ખિન બર્માના એકાઉન્ટન્ટ જનરલ હતા. તેમને મળ્યો - એ સંતપુરૂષે કહ્યું કે અમે તો શીલ-સદાચાર શીખવીએ છીએ, અને તમે તો બર્મામાં હિંદુઓના નેતા છો તો શું તમારા ધર્મમાં શીલ-સદાચારનો વિરોધ છે ? મેં કહ્યું ના, કોઈ ધર્મમાં શીલ-સદાચારનો કેવી રીતે વિરોધ હોય ? તો અમે તમને પ્રથમ મનને વશમાં કરવાનું શીખવીશું જેને સમાધિ કહે છે. સમાધિથી ઉપરથી મનની સફાઈ થાય છે. અંદર મૂળ સુધી મનની સફાઈ ન થાય તો મનનો સ્વભાવ ન બદલાય, તે માટે અમે પ્રજ્ઞાનું જ્ઞાન આપીએ છીએ જેનાથી મન તેના મૂળ સુધી નિર્મળ થાય છે અને સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થાય છે. હવે મેં આ બધી વાતો આજ સુધી સાંભળી હતી પણ જીવનમાં ઊતરી ન હતી. એમણે કહ્યું કે શીલ-સમાધિ-પ્રજ્ઞા સિવાય અમે બીજું કશું શીખવતા નથી. તમારે આવવું હોય તો પ્રયોગ માટે એક વાર આવો. મેં વિચાર્યું, એક વાર જવામાં શું વાંધો ? ધર્મ તો બદલાવવાનો નથી. આમ વિચારીને પહેલી વાર વિપશ્યના કરવા ગયો, જે આજ દિન સુધી જીવનનો એક ભાગ છે.

***પ્રશ્ન : વિપશ્યનાનો અર્થ શું છે ?***

***જવાબ :*** વિપશ્યના એટલે વિશેષ રૂપે જોવું, વિશેષ રૂપે જોઈને સત્યનો અનુભવ

કરવો.

***પ્રશ્ન : ધ્યાન અને વિપશ્યનામાં શું ફરક છે ?***

***જવાબ :*** ચિત્તની એકાગ્રતા એ ધ્યાન છે, સમાધિ છે, પણ પ્રજ્ઞા નથી. પ્રજ્ઞા એટલે પ્રત્યક્ષ જ્ઞાન. વિપશ્યનાથી આપણને મનના મૂળ સુધી જઈને તેનો સ્વભાવ બદલવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે.

***પ્રશ્ન : વિપશ્યના સાધનામાં જોડાતા પહેલા અને અત્યારે બંને પરિસ્થિતિમાં શું ફર્ક અનુભવો છો ?***

***જવાબ :*** પહેલાં ભક્તિ-ભજન-પૂજાથી મનની શાંતિ મળતી હતી, સારું લાગે, શાંતિ લાગે, પણ થોડા સમય માટે જ. પછી હતાં તેવાં જ, એ જ કામ, ક્રોધ, અહંકાર જેવા ગંદા વિકારો મન પર સવાર થાય ત્યારે દુઃખ થાય કે આ શું જીવન છે, કારણ કે જો હિંદુ ધર્મની વાત છે તો દરેક ધર્મની જેમ હિંદુ ધર્મ આજ તો શીખવે છે. સદાચાર કા જીવન જીઓ - મન કો વશમેં કરો - મન નિર્મલ કરો - પણ મન વશમાં નથી તો નિર્મલ ક્યાંથી હોય - પણ વિપશ્યનાથી મન વશમાં થયું અને મનનો સ્વભાવ બદલાવા લાગ્યો.

***પ્રશ્ન : દુનિયામાં વિપશ્યનાના કેટલા કેન્દ્રો છે ?***

***જવાબ :*** દુનિયાના ૧૦૦ જેટલા દેશોમાં ૧૪૦ વિપશ્યનાના કેન્દ્રો સ્થપાયેલા છે. તેમ જ દર વર્ષે નવાં કેન્દ્રોની સ્થાપના થતી જ હોય છે.

***પ્રશ્ન : વિપશ્યનામાં એવું તે શું છે, જેથી આજની નવી યુવા પેઢી વધુ રસ લે છે ?***

***જવાબ :*** વિપશ્યના સાધના માઈન્ડ અને મેટરનું સાયન્સ છે, કોઈ અંધવિશ્વાસ નથી, સ્વઅનુભવથી મળતું પ્રત્યક્ષ જ્ઞાન છે, જે તુરંત લાભ આપે છે, જેથી આજની નવી યુવા પેઢી વધુ રસ લે છે.

***પ્રશ્ન : વિપશ્યના સાધના શું બહુ કઠિન છે ?***

***જવાબ :*** ના, ખૂબ સરળ છે, આટલી સરળ કોઈ સાધના નથી. ફક્ત ૧૦ દિવસનો સમય આપવો પડે, નહિ તો ઉંડાણ સુધી પહોંચી ના શકાય.

***પ્રશ્ન : વિપશ્યના સાધનામાં શું શીખવાડે છે ?***

***જવાબ :*** પોતાને જોવાનું - સ્વનિરીક્ષણ દ્વારા પોતાના મનમાં સ્વભાવ પ્રમાણે શરીર ઉપર ઉત્પન્ન થતી સંવેદનાઓનું નિરીક્ષણ કરતા કરતાં મનના મૂળ સુધી પહોંચી, તેનો સ્વભાવ બદલવાનું. વિપશ્યનામાં શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો અભ્યાસ શીખવવામાં આવે છે. શીલ અને શીલ-સદાચારનું જીવન જીવવા માટે જરૂરી એવા પંચશીલનો અભ્યાસ, સમાધિ દ્વારા પોતાના મનને એકાગ્ર કરવાનો અભ્યાસ તથા પ્રજ્ઞા એટલે કે પોતાના શરીરમાં થતી સંવેદનાઓનો સમતા ભાવે અનુભવ કરવાનું, તેમજ તે પ્રત્યે પ્રતિક્રિયા ન કરવાથી વિકારોની શક્તિ ધીરે ધીરે ઓછી થઈ તેનું શમન

થાય છે, તથા સંવેદનામાં થતા બદલાવમાંથી અનિત્યતાનો બોધ ગ્રહણ કરવાનો અભ્યાસ શીખવવામાં આવે છે, પરિણામ સ્વરૂપ સાધક મનની નિર્મળતા પ્રાપ્ત કરીને સુખશાંતિનું જીવન જીવવાનું શીખે છે.

***પ્રશ્ન : શું વિપશ્યનાની સાધના શીખવા માટે કોઈ ચાર્જ લેવામાં આવે છે ?***

***જવાબ :*** ના, કોઈ ચાર્જ લેવામાં આવતો નથી, કારણ કે ધર્મની કોઈ

કિંમત હોતી નથી અને ઘણા ગરીબ લોકો આ સાધના શીખવા માટે આવે છે. શીખીને મનની શાંતિ મેળવે છે, સુખમય જીવન જીવે છે, દારૂ-જુગાર જેવી ખરાબ ટેવો પણ જાતે છોડી દે છે, તો આ લોકો તેની

કિંમતને કારણે વંચિત ન રહી જાય તે માટે વિપશ્યના સાધના શીખવા માટે કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. તેમ છતાં શિબિર પૂર્ણ થયા બાદ સ્વૈચ્છિક દાન સાધકો આપતા હોય છે, એ પણ એવા ભાવથી કે મને જે આ અમૂલ્ય સાધનાનો લાભ મળ્યો તે બીજાઓને પણ મળે.

***પ્રશ્ન : ફીલિંગ્સના વાચકો માટે આપનો શું સંદેશ છે ?***

***જવાબ :*** વિપશ્યનાની પરિપાટીમાં દાન માગવામાં આવતું નથી, પરંતુ હું આપ સૌ વાચકો પાસે આપના જીવનના અણમોલ દસ દિવસનું દાન માગું છું. દરેક વાચક ભાઈ-બહેનો વિપશ્યના અંગેની આ માહિતી વાંચી, તેમાંથી પ્રેરણા મેળવી, પોતાના જીવનના અણમોલ દસ દિવસ કાઢી આ સાધના શીખી તેના નિયમિત અભ્યાસથી પોતે સુખ-શાંતિનું જીવન જીવતા થાય તેમ જ અન્યના સુખ-શાંતિમાં સહભાગી થાય તો તે દ્વારા ચરિત્ર્ય શીલ સમાજનું નવઘડતર થાય તેમ છે.

આભાર - ફિલીંગ્સ : મેગેઝીનમાંથી.

કુલ કેટલી શિબિર કરી ? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ____________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઇચ્છો છો? ____________________

____________________

કોઇ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? ____________________

____________________

તારીખ : ____________________ સહી : ____________________

**ધમ્મકોટ કેન્દ્ર તથા**
**સીટી ઓફિસના ફોન નંબર**

**ધમ્મકોટ કેન્દ્ર :**
૦૨૮૧ - ૨૯૨૪૯૨૪, ૨૯૨૪૯૪૨
મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦
૭૮૭૮ ૭૨૭૨ ૪૦

**સીટી ઓફિસ :**
૦૨૮૧ - ૨૨૩૩૬૬૬
મો.: ૭૮૭૮ ૭૨૭૨ ૨૩
૯૪૨૭૨ ૨૧૫૯૧

# ધમ્મ સેવકો,સાધકોની કાર્યશાળા/સંમેલન, ૨૦૧૫

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતાં જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના સંકલ્પ 'બહુજન હિતાય બહુજન સુખાય' ની પૂર્તિ અર્થે ધર્મ પ્રસારના અભિયાનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઇ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રના અલગ-અલગ સ્થાનોથી ધમ્મકોટ કેન્દ્ર પર સ્પેશ્યલ વાહન કરી સાધકો આવે છે. તેમ જ અનેક ગામો/શહેરોથી વિપશ્યના પરિચય કાર્યક્રમ, જે રવિવાર ના ૩ કલાકનો હોય છે, તેમાં ૨૫૦ થી ૩૦૦ નવા લોકોને કેન્દ્ર બતાવવા વિપશ્યના સાધનાની જાણકારી મેળવવા જૂના સાધકો લઇને આવે છે. જે ખૂબ જ પ્રેરણાદાયી રહે છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે

| ભાવનગર વિપશ્યના કેન્દ્ર – ધમ્મપાલી | સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર–ધમ્મકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર–ધમ્મસિંધુ | ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–ધમ્મ દિવાકર | દક્ષિણગુજરાત વિપશ્યના કેન્દ્ર–ધમ્મ અંબિકા | ધર્મજ વિપશ્યના કેન્દ્ર–ધર્મજ |
|---|---|---|---|---|---|---|
| ગામઃ તોડી,<br>સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.<br>:: સંપર્ક ::<br>ધમ્મપાલી કેન્દ્ર :<br>M : 7878103636<br>M : 8905554666<br>M : 9227542910<br>સિટી ઓફીસ :<br>Ph. 0278 - 2521066,<br>M : 7858561616<br>E-mail :<br>info@dhammapali.com | રાજકોટ.<br>C/o. ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.<br>0281-2233666<br>M : 78 78 72 72 23<br>0281-2924942<br>M : 93279 23540<br>રજિસ્ટ્રેશન – સમય<br>૧૦:૦૦ થી ૦૧:૦૦<br>અને ૦૪:૩૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ,<br>પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી.<br>કચ્છ–૩૭૦ ૪૬૫<br>02834-273303<br>M : 78746 23305<br>M : 99256 74104 | અમદાવાદ<br>રનોડા<br>તા. ધોળકા,<br>જિ. અમદાવાદ–<br>૩૮૦ ૮૧૦<br>02714-294690<br>M : 94264 19397 | મીઠા, મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,<br>૭–અપના બજાર,<br>વિમલ સુપર માર્કેટ,<br>બી.કે. રોડ, મહેસાણા.<br>(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>02762-272800,<br>254634, 252345<br>M : 94292 33000 | નવસારી<br>નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–8<br>બોરિયાચ ટોલનાકાથી 2km,<br>વગલવાડ, તા.:ગણદેવી<br>02634-291100<br>292521<br>94281 60714<br>98250 44536<br>રજિસ્ટ્રેશન ૧૧થી ૫ દરમિયાન<br>0261-3260961 | હેમંતભાઈ પટેલ<br>02697- 245460,<br>245302<br>M : 94265 00765 |
| | **૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | | | |
| 19-08 to 30-08-15<br>06-09 to 17-09-15<br>14-10 to 25-10-15<br>07-11 to 18-11-15<br>16-12 to 27-12-15<br>15-01 to 26-01-16<br>03-02 to 14-02-16<br>09-03 to 20-03-16 | 10-08 to 21-08-15<br>30-08 to 10-09-15<br>23-09 to 04-10-15<br>07-10 to 18-10-15<br>22-10 to 02-11-15<br>07-11 to 18-11-15<br>20-11 to 01-12-15 | 18-08 to 29-08-15<br>30-08 to 10-09-15<br>13-09 to 24-09-15<br>27-09 to 08-10-15<br>10-11 to 22-10-15<br>25-10 to 05-11-15 | 12-08 to 23-08-15<br>23-09 to 04-10-15<br>07-10 to 18-10-15<br>21-10 to 01-11-15<br>25-11 to 06-12-15<br>09-12 to 20-12-15<br>23-12 to 03-01-16 | 12-08 to 23-08-15<br>02-09 to 13-09-15<br>16-09 to 27-09-15<br>23-09 to 11-10-15<br>21-10 to 01-11-15<br>09-12 to 20-12-15<br>23-12 to 03-01-16 | 01-08- to 12-08-15<br>17-08 to 28-08-15<br>02-09 to 13-09-15<br>30-09 to 11-10-15<br>14-10 to 25-10-15<br>28-10 to 08-11-15<br>02-12 to 13-12-15 | 01-08 to 12-08-15<br>01-10 to 12-10-15<br>20-11 to 01-12-15<br>**મોગર કેન્દ્ર–ધમ્મ ભવન વડોદરા**<br>દર મહિનાના પહેલા રવિવારે સામૂહિક સાધના<br>૫-કાલિંદી પાર્ક,<br>અકોટા અતિથિ ગૃહ પાછળ,<br>વડોદરા–૩૯૦૦૨૦.<br>0265-2341181<br>M : 94263 32180<br>vvs04@ hotmail.com |
| **ફક્ત જૂના સાધકો માટે**<br>------------------ | **સતિપટ્ઠાન**<br>13-09 to 21-09-15<br>12-01 to 20-01-16 | **સતિપટ્ઠાન**<br>31-07 to 08-08-15<br>**૨૦ - દિવસીય**<br>19-07 to 09-08-15 | **૨૦ - દિવસીય**<br>29-08 to 19-09-15 | **સતિપટ્ઠાન**<br>------------------- | **સતિપટ્ઠાન**<br>21-09 to 29-09-15<br>**૩ - દિવસીય શિબિર**<br>13-08 to 16-08-15<br>16-09 to 19-09-15 | |

**ઉના** સામૂહિક સાધના : સવારે ૬:૩૦ થી ૭:૩૦, હરેશભાઇ જે. ટીલવાણી ૪૨, પ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, મો.: 94277 38070

**ધોરાજી** સામૂહિક સાધના : સાંજે ૬:૧૫ થી ૭:૧૫, ખીમજીભાઇ કોયાણી કે.ઓ. શાહ કોલેજ, મો.: 98244 91245, એક દિવસીય શિબીર છેલ્લા રવિવારે, સમય : સવારે 8 થી 1

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

ધમ્મસેવકોની કાર્યશાળા તથા
જૂના સાધકોનો સેમિનાર
તા. ૨૩ ઓગસ્ટ ૨૦૧૫ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૨૪ ઓગસ્ટ ૨૦૧૫ સાંજે ૪ વાગ્યા
સુધી રહેશે. શકયતઃ તા. ૨૨ ઓગસ્ટ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો.
અન્યથા, મોડામાં મોડું તા. ૨૩ ઓગસ્ટ
સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું મોકલી આપવા
વિનંતી. જેથી આપને સંમતીપત્ર મોકલી શકાય.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૨૩–૮–૧૫ થી તા. : ૨૪–૮–૧૫ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ______

ઉંમર : ______ પુરુષ/સ્ત્રી : ______ શિક્ષણ : ______

સરનામું : ______

______

______

ફોન : ______ મોબાઈલ : ______ ઈ-મેઈલ : ______

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : ______

હોદ્દો : ______ નોકરી/ધંધાની વિગત : ______

આગળ વધવાનો અવસર પ્રદાન કરે છે. सब्बदानं, धम्मदानं जिनाति. ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઇ રહયું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા વ્યકત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિત સાથે અનેકોના હિતસુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી અભિયાનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ, એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય કાર્યશાળા/સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળા/સંમેલન તા. ૨૩-૮-૨૦૧૫, શનિવારેસવારે૧૦ વાગ્યાથી તા. ૨૪-૮-૨૦૧૫, રવિવારેસાંજે૪વાગ્યા સુધી યોજેલ છે.

બહારગામના સાધકોને તા. ૨૨-૮-૨૦૧૫ ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૨૨-૮-૨૦૧૫ સાંજે સાત વાગે તેમજ તા. ૨૩-૮-૨૦૧૫ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સિટિ ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. આ સંમેલનને સાર્થક બનાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉતરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

### દોહા ધરમના

અપના ભી પાલન કરે, પાલે નિજ પરિવાર ।
ઔરોં કા પાલન કરે, ગૃહી ધર્મ કા સાર ।।

અપની સંપદ કી સદા, રક્ષા કરે સચેત ।
પર ઔરોં કા કણ કભી, દાબે નહીં અચેત ।।

સંગ્રહ હી સંગ્રહ કરે, કરે ન કિંચિત ત્યાગ ।
ઉસ ગૃહપતિ કો સુખ કહાં ? જિસકા છુટા ન રાગ ।।

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

દામન ઔર અન્યાય કા, કરે પ્રબલ પ્રતિકાર ।
પર અન્યાયી કે લિએ, રહે હૃદય મેં પ્યાર ।।

સંપદ્ - મીત અનેક હૈ, વિપદ્ - મીત સો મીત ।
સ્વજન પરાયે કી સદા, વિપદા પરખે પ્રીત ।।

અર્જિત સમ્પત્તિ કા સદા, સમુચિત હો ઉપયોગ ।
તો ગૃહપતિ કા સુખ બઢે, બઢે નહીં ભવરોગ ।।

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 2 જૂલાઈ 2015** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org